
## આપની આજ

**નરેન્દ્ર શાહ**
**(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)**

**આજે રાશિ કન્યા**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ઉચ્ચનો સૂર્ય અને શુક્ર સ્વગૃહી મંગળ છે. ચાંડાલ યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** ચંદ્ર - શુક્ર તમારા આજના ગ્રહોની કુંડળીમાં રાજયોગ ઉભો કરે છે. સ્થાનોની દ્રષ્ટિએ તેથી આજનો દિવસ તમારી વૈભવી જીંદગીની ખરીદીમાં જાય - ખર્ચાળ જાય.

**વૃષભ** આજની તમારી કુંડળીમાં ઉચ્ચનો સૂર્ય શત્રુ વિજય યોગ કરે છે જેથી આજનો આપનો દિવસ તંદુરસ્ત - મિત્રવર્તુળમાં પ્રિય અને લોકપ્રિય બનાવે.

**મિથુન** ચોથે ચંદ્ર - દસમે શુક્રનો રાજયોગ તમારી કુંડળીમાં આજે સુંદરયોગ ઉત્પન્ન કરે છે. તમો ખૂબ જ લોકપ્રિયતા - ભાગ્ય યોગ અને પ્રસિદ્ધિ મેળવી શકો તેવો યોગ છે.

**કર્ક** રાશિપતિ ચંદ્ર ત્રીજે રહીને ભાગ્યને દ્રષ્ટ કરે છે તેમજ ભાગ્યમાં ઉચ્ચનો શુક્ર છે માટે લોકપ્રિયતાના ક્ષેત્રમાં તમો તમારા બધા જ હરીફોને પાછળ પાડી દેશોને આગળ નીકળી જશો.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગને બાદ કરતાં તમારા બીજા બધા સ્થાનોમાં ગ્રહો સારા હોઈ તમારે હવે બહુ કે થોડું પણ ડરવાની જરૂર નથી - ભાવિ ઉજળું આવી રહ્યું છે.

**કન્યા** લગ્ને ચંદ્ર અને સાતમે ઉચ્ચનો શુક્ર તમારે માટે રાજયોગ - પ્રબળ કરે છે - વૈવાહિક જીવન પણ સુંદર પસાર થઈ રહ્યું છે - કોઈપણ ક્ષેત્રે ચિંતા કરવા જેવું નથી. આનંદમાં દિવસ જશે.

**તુલા** સાતમા સ્થાનમાં ઉચ્ચનો સૂર્ય છે છઠ્ઠે ઉચ્ચનો શુક્ર રાશિપતિ થઈને બેઠો છે. ન્યાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને બહુ મોટા આર્થિક લાભ મળવાપાત્ર થનાર છે.

**વૃશ્ચિક** રાશિપતિ મંગળ રાશિમાં વક્રી શનિ સાથે યુતિ કરે છે જે તમોને લડવૈયો સ્વભાવ આપે. સાથે સાથે શનિના કારણે થોડે ઘણે અંશે લુચ્ચાઈ પણ આપે. દિવસ આનંદમાં જશે.

**ધન** ચોથે શુક્ર - દસમે ચંદ્ર - બારમે મંગળ - શનિ એમ સારા નરસા ગ્રહો સારા ખોટાં સ્થાનોમાં હોઈ આપને સારું તેમજ ખરાબ એમ બંને ફળ આપે - મિશ્રફળ આપે - દિવસ ઠીક જાય.

**મકર** આઠમે ચાંડાગ યોગના કારણે બીજા સારા સ્થાનોમાં સારા ગ્રહોનું સારું ફળ ઓછું પ્રાપ્ત થાય - મિશ્રફળ મળવા પાત્ર છે - દિવસ ભર સારા નરસા અનુભવોમાંથી પસાર થવું પડે.

**કુંભ** સાતમે ચાંડાલ યોગ - બીજે - આઠમે શુક્ર - ચંદ્ર તેમજ દસમે શનિ મંગળ વિગેરે યોગો જોતાં એકંદરે રાહત રહેશે અને મળવાપાત્ર લાભો ઓછાવત્તા મળતા રહેશે.

**મીન** રાશિમાં ઉચ્ચનો શુક્ર ચંદ્ર વિગેરે યોગો તમારે માટે ઉત્તમ રાજયોગ સર્જે છે - તમોને આજે અણધાર્યા લાભો પ્રાપ્ત થશે. ન ધારેલી સફળતા મળશે.

## નિર્ણય ટળ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંસ્કૃતિ મંત્રાલય દ્વારા અમિતાભ બચ્ચનને અતુલ્ય ભારત અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવા અંગેનો નિર્ણય હાલ પુરતો ટાળી દીધો છે. કેન્દ્ર સરકાર કોઈ પણ પ્રકારની દુનિધામાં રહેવા માંગતી નથી. કેન્દ્ર સરકાર કાળા નાણાં સામેની લડાઈ નબળી પડે તેમ ઈચ્છતી નથી. કોઈ પણ વ્યક્તિ કેટલી પણ મોટી કેમ ન હોય તે છટકી જવી જોઈએ નહી તેમ કેન્દ્ર સરકાર નિર્ણય કરી ચુકી છે. જેથી અમિતાભ બચ્ચન સાથે સંબંધિત નિર્ણય પણ હાલમાં ટાળી દેવામાં આવ્યો છે. પનામાં પેપર્સમાં અમિતાભ બચ્ચનનું નામ સપાટી પર આવ્યા બાદ તરત જ સરકારે અતુલ્ય ભારતના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે તેમનું નામ ફાઈનલ કરવાનો નિર્ણય હાલ પુરતો મોકુફ રાખ્યો છે.સરકારી સૂત્રોના એહેવાલથી કહેવામાં આવ્યું છે કે અમિતાભ બચ્ચનને અતુલ્ય ભારતના બ્રાન્ડ એમ્બેસેડરના રૂપમાં લેવાનો નિર્ણય મોકૂફ રાખ્યો છે.અગાઉ અતુલ્ય ભારતની જાહેરાત માટે અમિતાભ બચ્ચન અને પ્રિયંકા ચોપડાના નામની પસંદગી કરવામાં આવી હતી. જે પછી બંનેના નામ પર એક સામાન્ય કરાર કરવાના બાકી હતા. આ ઉપરાંત એવું પણ કહેવામાં આવી રહ્યું હતું કે, બંને જાહેરાતમાં મફત કામ કરશે.

આ માટેની તમામ તૈયારીઓ પણ થઈ ગઈ હતી અને તે તમામની વચ્ચે પનામાં પેપર્સ આવી જતાં પ્લાન્ગિ પર પાણી ફરી વળ્યું છે.અમિતાભ બચ્ચને થોડાક દિવસ પહેલા બે વખત પનામા પેપરને લઈને ખુલાસો કર્યો હતો. અમિતાભે કોઈ પણ ખોટુ કામ કર્યા હોવાનો સાફ ઈન્કાર પણ કર્યો હતો.

## નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

આશ્વાસન મળ્યું. આંખો લુંછતી તે ચૂપ થઈ ગઈ.

'હું મારી લાડકી દીકરીને શું કામ વઢું.... પણ હાં સાચેસાચું કહેજે' મેં વ્હાલ દર્શાવતાં કહ્યું. 'ડેડી, એમાં બીજી કોઈ મોટી વાત નથી. આપણા ઘેર એક માંગવાવાળી આવેલી.' 'કોણ માંગવાવાળી.'

'ઘરડી ડોસી છે. પહેલાં તમારી હાજરીમાં પણ આવેલી છે. તેના હાથમાં લાકડી હોય છે અને ચશ્મા પહેરે છે બસ, આ મહારાણી એ ડોસીને તપેલી ભરીને બેસન આપી આવી. તે પાછી આવી ત્યારે મને તો ખબર પડી.'

'સારું.' દીકરાએ કહ્યું કે હું તેને વઢ્યો, આટલું બધું બેસન આપી દેવાતું હશે. તો એ બોલી કે આપી દીધું તો આપી દીધું.

મેં તેને પુછ્યું કે આટલું બધું આપી દેવાનું કંઈ કારણ તો તેણે શું કહ્યું ખબર છે. 'શું કહ્યું?' હું તેની તરફ જોઈ રહ્યો.

તેણે કહ્યું, ભઈલા મને તેનો ચહેરો બિલકુલ આપણી 'ભાનુ' જેવો લાગ્યો. પપ્પા તમને તો ખબર છે ને ભાનુને ભજીયાં બહુ ભાવતાં.

## Hello ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

મોબાઈલ આપણને નજીક લાવે છે.'

ચૂંટલો : સોશિયલ મીડિયાની શરુ શરુમાં મજા પડતી ગેમ પછી વ્યસન બને છે. કંઈ પણ મીડિયા પર ચઢાવવા મન વ્યાકુળ બને છે, લાઈક્સ અને વાહ માટે વારે ઘડિયે મોબાઈલ ચેક કરતાં રહેવું પડે છે. સરવાળે વગર મૂડીના આ ધંધામાં સમયની બર્બાદી, મગજની ખરાબી સાથે દૂરના નજીક આવતાં નથી અને નજીકના દૂર ચાલ્યા જાય છે!

# સરગાસણ ચોકડી પાસેથી દેશી રીવોલ્વર સાથે એક ઝડપાયો

### રીવોલ્વર રાખવાનો શોખ હોવાથી સાથે રાખતો હતો : એસ.ઓ.જી.એ યુવાનને પકડી કાયદેસરની કાર્યવાહી કરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીને પગલે ગાંધીનગર એસ.પી.ની સુચનાથી એસ. ઓ. જીની ટીમ દ્વારા હથિયારો પર ખાસ વોચ રાખવામાં આવી રહી છે ત્યારે ગઈ કાલે સરગાસણ ચોકડી પાસેથી એક યુવાનને દેશી રિવોલ્વર સાથે દબોચી લેવામાં આવ્યો હતો. સુરેન્દ્રનગરના સાયલા વિસ્તારના આ શખ્સની સઘન પુછતાછ કરતા તેને રીવોલ્વર ભરાવીને ફરવાનો શોખ હોવાનું ધ્યાને આવ્યું છે. એસઓજીએ ગુનો નોંધી તેની ધરપકડ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસઓજીના પીએસઆઈ એમ.પી.ચૌહાણની ટીમ ચુંટણીને ધ્યાને રાખીને હથિયારો પર વૉચ રાખી રહી છે ત્યારે કોન્સ્ટેબલ ધિરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે સરગાસણ ચોકડીથી ગામ તરફ જતા માર્ગ પર કાળા શર્ટ તેમજ બ્લ્યુ જીન્સ પેન્ટ પહેરીને ઉભેલા શખ્સ પાસે ગેરકાયદેસર હથિયાર છે. એસ.ઓ.જી.ની ટીમે બાતમીના આધારે સરગાસણ પાસે જઈ તેને પકડી પાડી તપાસ કરતાં તેની પાસેથી દેશી બનાવટની રીવોલ્વર મળી આવી હતી. હથિયારનું લાયસન્સ પણ તેની પાસે ન હતું. સુરેન્દ્રનગરના સાયલા તાલુકાના નિનામા ગામના શખ્સ વનરાજ જીલુ ખાચરની ધરપકડ કરી તપાસ કરતા શોખ માટે રીવોલ્વર લટકાવીને ફરતો હોવાનું તે જણાવી રહ્યો છે. એસ.ઓ.જી.ની ટીમે વધુ પુછપરછ આરંભી છે.

## શનિવારે અરવિંદ કેન્દ્રમાં ડૉ. અશ્વિનભાઈ કાપડીયાનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૧૯

મહર્ષિ શ્રી અરવિંદ અને પૂજય માતાજીના સાધક તથા 'સાવિત્રી'ના આંતરરાષ્ટ્રીય પ્રવકતા ડો. શ્રી અશ્વિનભાઈ કાપડીયા (માજી-ઉપ કુલપતિ દક્ષિણ ગુજરાત યુનિ.)નું તા. ૨૩મી એપ્રિલના રોજ સાંજે સાડા છ વાગ્યાથી સાડા સાત કલાક સુધી 'શ્રી કૃષ્ણ ચેતના અને અતિમ નસ વિજ્ઞાન' વિષય પર શ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩, ગાંધીનગરમાં વ્યાખ્યાન રાખેલ છે. તો રસ ધરાવતા સર્વેને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

## કોલવડા ગોરા હનુમાનજી મંદિરમાં હનુમાન જયંતિ મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૯

કોલવડા સ્થિત ગોરા હનુમાનજી મંદિર ખાતે આગામી તા. ૨૨મી એપ્રિલને શુક્રવારના રોજ હનુમાન જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧૨.૦૦ કલાકે અમદાવાદના નિવાસી (રૂવાવી) ભગવાનભાઈ કુરશીભાઈ દેસાઈ દ્વારા મહાપ્રસાદનું પણ આયોજન કરાયું છે. આ પ્રસંગે પ.પૂ.ગુરુ રામબાલકદાસજી બાપુ અને મહંત ગુરૂ દ્વારકાદાસજી ઉપસ્થિત રહેશે.

## પંચાયત કાઉન્સીલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્રતિનિધિ મંડળે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના નિયમોમાં પણ ફેરફાર કરવાના તેમજ ડમી ઉમેદવાર છેલ્લા દિવસ સુધી જંગમાં રહી શકે તેવી જોગવાઈ કરવાની પણ માંગ કરી હતી. પ્રતિનિધિ મંડળે ગ્રામ પંચાયતોને જે નાણાંકીય ખર્ચની સત્તા આપવામાં આવી છ તેમાં પણ વધારો કરવાની માંગ કરી છે.

## ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



કળાનું મહત્વ અને મહાત્મ્ય બન્ને વિશેષ છે. વ્યક્તિમાં પણ કંઈ વિશેષ હોય તો તે કળા છે. મોરની કળા તો શિરમોર છે. કળા કરીને તે ઢેલને પોતાના પ્રતિ આકર્ષિત કરવાનો પ્રયત્ન કરે છે. આજકાલ મોરની કળા કરવાની મોસમ પૂરબહારમાં છે... આ દિવસોમાં તે પોતાની સંગિની શોધીને સંસાર માંડવાની શરૂઆત કરે છે. માણસનું મન પણ બહુ મજામાં હોય તો તે મોર બનીને થનગનાટ કરે છે, એમ કહેવાય છે. જોકે કોઈ વ્યક્તિ અન્યને મુર્ખ બનાવી જાય તો તેના માટે પણ 'કળા કરી ગયો' એવો રૂઢિપ્રયોગ થાય છે..! ગાંધીનગરમાં મોર ઘણા છે... (અહીં માત્ર પંખીનો જ ઉલ્લેખ છે હો...) ગાંધીનગરની વનરાજીમાં વહેલી સવારે કળા કરતા મોરને માણવાનું રહી ન જાય...

# શહેરના સેકટર-૨૩ પંચવટી પાર્કના રહીશો ભાજપથી નારાજ

### ડોકટર હાઉસના પ્લોટની જગ્યા નહીં બદલાતા સોસાયટીના રહીશો નાખુશ

ગાંધીનગર તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. પાલીકાની ચુંટણીમાં ઉભા રહેલા ઉમેદવારો મતદારોને રીઝવવા કાળઝાળ ગરમીમાં પણ પરસેવો પાડી રહ્યા છે. ગાંધીનગરમાં રાજકીય વાતાવરણ માં ગરમાવો જોવા મળી રહ્યો છે. મનપાની ચુંટણી માટે ૧૦૦ થી વધુ ઉમેદવારો મેદાને છે ત્યારે એક એક મતની લડાઈ જામશે. ત્યારે સેકટર-૨૩ પંચશીલની સામે ડોકટર હાઉસની જગ્યા બાબતે યોગ્ય નિરાકરણ લાવવામાં આવેલ નથી જેને પગલે સોસાયટીના રહીશોમાં રોષ ફાટી નીકળયો છે. સેકટર-૨૩ પંચશીલ પાર્કના રહીશો ભાજપથી નારાજ હોવાથી ભાજપને હરાવવા સોસાયટીની કારોબારી સમિતિએ સર્વાનુમતે ઠરાવ કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે.

ગાંધીનગર સેકટર-૨૩ પંચશીલ પાર્કની સામે માત્ર નજીવા અંતરે ડોકટર હાઉસની જગ્યા માટે ત્રણ પ્લોટ અનામત રાખવામાં આવ્યા છે.જેની હરાજી કરવાનો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો છે. સેકટર - ૭ માં ડેપો સામે જે પરિસ્થિતિ અત્યારે છે તેનું પુનરાવર્તન ન થાય અને સોસાયટીના રહીશોને પડનાર મુશ્કેલીને ધ્યાને લઈ છેલ્લા બે વર્ષમાં કોરપોરેટર, ધારાસભ્ય, ગુડા, મંત્રીકક્ષાએ, મુખ્યમંત્રી, સહિત સબંધિત તમામ અધિકારીઓને મૌખીક તેમજ લેખીત અનેકવાર રજુઆતો કરી છે. પરંતુ યોગ્ય નિરાકરણના આવતા રહીશોમાં રોષ ફાટી નીકળ્યો છે. આ અંગે પંચશીલ પાર્કના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ જણાવે છે કે ગતીશીલ ગુજરાતની સરકાર બે વર્ષમાં આ અંગે જાણીબુઝીને હીતશત્રુઓના દબાણના કારણે સોસાયટીની ન્યાયીક માંગણીનું નિરાકરણ લાવી નથી.ગત્ ચુંટણીમાં ભાજપને જીતાડવા કરેલી મહેનત આ સરકાર ભુલી ગઈ છે.ભાજપને મનપાની ચુંટણીમાં પાઠ ભણાવવાના એક માત્ર હેતુંથી સોસાયટીના અંદાજે ૫૦૦ મતદારોએ ભાજપને હરાવવા અને કોંગ્રેસના તમામ ઉમેદવારોને ભારે બહુમતીથી જીતાડવા માટે શપથ લીધા છે.અને તે માટે ચુંટણીમાં ઉભા રહેલા કોંગ્રેસના ઉમેદવારોના પ્રચાર ઝુંબેશમાં તન, મન અને ધનથી લાગી જવા નિર્ણય કર્યો છે.ભાજપના ઉમેદવારોને સોસાયટીમાં દાખલ થવા ઉપર પ્રતિબંધ મુક્યો હોવાનુ પણ પ્રમુખે જણાવ્યું છે. વધુમાં પટેલે ભારે રોષ સાથે જણાવ્યું છે કે આમ છતા જો સત્તાના મદમાં ડોકટર હાઉસની જગ્યા બદલવાનો સરકાર નિર્ણય નહી કરે તો ૨૦૧૭માં આવનાર વિધાનસભા ચુંટણીમાં પણ ભાજપને પાઠ ભણાવવા આ બાબતનું પુનરાવર્તન કરવામાં આવશે.

## સે-૨ બાલા હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૨ સ્થિત બાલા હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિ નિમિત્તે તા. ૨૨મી એપ્રિલને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે સંગીતમય મહા મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સાંજે ૬.૦૦થી ૮.૦૦ કલાક દરમિયાન સુંદરકાંડ પાઠ કાન્તિભાઈ યોગીના કંઠે અને હનુમાનજીની મહાઆરતી રાત્રે ૮.૦૦ કલાકે યોજાશે. જેનો લાભ લેવા સર્વે ભાવિક ભકતોને બાલા હનુમાનજી મંદિર સમિતિ દ્વારા જણાવાયું છે.

## તલાલા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી ૧૬મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

તલાલા વિધાનસભાની ખાલી પડેલી બેઠકની પેટા ચૂંટણી આગામી ૧૬મી મે ના રોજ યોજાશે.

તલાલાના કોંગેસના ધારાસભ્ય જશુભાઈ બારડનું અવસાન થતાં આ બેઠક ખાલી પડવા પામી હતી. ખાલી પડેલી આ બેઠકની પેટા ચૂંટણીનો કાર્યક્રમ આજે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

પેટા ચૂંટણીના જાહેર થયેલા કાર્યક્રમ અનુસાર તલાલા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી ૧૬મી મે ના રોજ યોજાશે અને ૧૯મી મે ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે. તલાલા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી જાહેર થતા ગીર સોમનાથ જિલ્લામાં આજથી ચૂંટણી આચારસંહીતા અમલી બનવા પામી છે.

# ભાજપ સરકારના શાસનમાં જામેલા ભ્રષ્ટાચારોનો કોંગ્રેસ પર્દાફાશ કરશે

ગાંધીનગર, તા. ૧૯

કોંગ્રેસ ગુજરાતમાં આગામી ૨૦૧૭માં આવનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સરકારના શાસનમાં જામેલા ભ્રષ્ટાચારનો મુદ્દો બનાવીને મીશન ૨૦૧૭ની તૈયારી શરૂ કરી છે.

વિપક્ષ કોંગ્રેસના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે ગુજરાત મેન્યુફેક્ચરીંગનું હબ બન્યું છે. ટેક્ષટાઈલક્ષેત્રે ગુજરાત હબ બન્યુ છે તેવી વાતો કરી માર્કેટીંગ કરી લોકોને છેતરવાની સ્ટ્રેટેજી ભાજપે અપનાવેલી. ખરેખર તો ગુજરાત એ ભાજપની સરકારના ભ્રષ્ટાચારનું હબ બન્યું છે તેવો આક્ષેપ તેમણે કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે આગામી ૨૨મીના રોજ અમદાવાદ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રદેશ આગેવાનોની એક બેઠક મળનારી છે. જેમાં ભાજપ સરકારના શાસન દરમ્યાનમાં કયા કયા ક્ષેત્રે કેવા અને કેટલા ભ્રષ્ટાચાર કરવામાં આવ્યા છે તેની વિગતો તૈયાર કરવામાં આવશે અને ભાજપના આ ભ્રષ્ટાચારોને પર્દાફાશ લોકો સમક્ષ કરવા માટેના કાર્યક્રમો પણ ઘડી કાઢવામાં આવશે.

તેમણે આક્ષેપો કરતા જણાવ્યું હતું કે વડાપ્રધાન બનવા માટે રાજ્ય સરકારના નફો કરતા બોર્ડ-નિગમોના નાણાનો જાહેરાતો અને પ્રસિદ્ધિઓ કાર્યક્રમો પાછળ કરીને નફો કરતા બોર્ડ-નિગમોને ખોટના ખાડામાં ઉતારી દીધા છે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં એટલી હદે ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે કે ટેબલ નીચે વ્યવહાર ન થાય ત્યાં સુધી કાગળ આગળ વધતો નથી. ગુજરાત આજે ભ્રષ્ટાચારનું હબ બન્યું છે.

# મીઠુ પકવતા નાના ઉત્પાદકો-અગરિયાઓને વેટમાંથી મુક્તિ

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વની ગતિશીલ ગુજરાત સરકારે મીઠાના નાના ઉત્પાદકો અને નાના અગરિયાઓના હિતને ધ્યાને લઈ ઔદ્યોગિક મીઠા ઉપરના વેરામાંથી તેઓને મુક્તિ આપવાનો નિર્ણય લીધો છે. રાજ્યના નાણાં મંત્રી સૌરભભાઈ પટેલે રાજ્ય સરકારના આ નિર્ણયની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે નિર્દિષ્ટ કક્ષાના મીઠુ પકવતા નાના ઉત્પાદકો તેમજ અગરિયાઓને ઔદ્યોગિક મીઠા પરના વેટમાંથી મુક્તિ આપી છે. જે અંતર્ગત રાજ્ય સરકારે મીઠા ઉત્પાદક માટે લીઝ પર જમીન આપેલ હોય તેવા અગરીયાઓને વેરા મુક્તિ અપાઈ છે. આ ઉપરાંત મીઠા ઉત્પાદન માટે ૧૦ એકર કે તેથી નાનો પ્લોટ ધરાવતા મીઠા ઉત્પાદકો અને અગરીયાઓની સહકારી મંડળીઓને પણ વેરો ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ સિવાય ખાદ્ય મીઠાનું ઉત્પાદન કરતા ઉત્પાદકોને પોતાનું સંપૂર્ણ ઉત્પાદન વેચતા હોય તેવા મીઠાના ઉત્પાદકોને પણ વેટમાંથી મુક્તિ અપાઈ હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.

આવા નાના ઉત્પાદકો તેમજ અગરિયાઓને વેટ કાયદા અંતર્ગત રજીસ્ટ્રેશન, વિવિધ પત્રકો ભરવા તેમજ વેરો ભરવામાંથી પણ સંપૂર્ણ મુક્તિ રહેશે. જેના કારણે આવા નાના ઉત્પાદકોને વધારાની વહિવટી પ્રક્રિયામાંથી પણ રાહત મળશે એમ પણ નાણાં મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું.

## સુપ્રીમ દ્વારા ઝાટકણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂપિયા તરત આપવા જોઈએ. સ્વરાજ અભિયાને હરિયાણામાં ઉભી થયેલી સ્થિતિની પણ વાત કરી હતી. કોર્ટે કઠોર વલણ અપનાવતા કહ્યું હતુ કે, દુષ્કાળ પ્રભાવિત વિસ્તારોમાં કેટલા પરિવારોને મનરેગા હેઠળ કામ અપાઈ રહ્યું છે. કોર્ટે જુદા જુદા રાજ્યો અંગે માહિતી માંગી હતી. દેશની સર્વોચ્ચ કોર્ટે આજે ગુજરાત સરકારને બરાબર ઝાટકી નાખી હતી. ગુજરાત સરકાર દ્વારા કોર્ટમાં રેનફોલ, એમએનઆરઈજીએ અને ફુડ સિક્યુરિટી પર જે આંકડાકીય માહિતીનું સોગંદનામું રજુ કરવામાં આવ્યું હતું. તેનાથી સુપ્રીમ કોર્ટને જરાય સંતોષ થયો નહી અને કોર્ટે ગુજરાત સરકારને બરાબર લપેટામાં લઈ લીધી કોર્ટે સ્પષ્ટ પણે કહી દીધું કે ગુજરાત રાજય છો એનો મતલબ એ નથી કે તમે બધુ હળવાશથી લઈ શકો. આ કેસ મામલે વધુ સુનાવણી ૨૬મી એપ્રિલે હાથ ધરાશે. અત્રે જણાવવાનું કે આ અગાઉ પણ રાજયમાં દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારોની જાહેરાત મુદ્દે સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. કોર્ટે સરકાર સામે એવો પ્રશ્ન ઉઠાવ્યો હતો કે જો દુષ્કાળની પરિસ્થિતિ અંગે સપ્ટેમ્બર-૨૦૧૫માં જ ખ્યાલ આવી ગયો હતો તો પછી સરકારે જાહેરાત માટે એક એપ્રિલ સુધી રાહ કેમ જોઈ. સરકારે જાહેરાત માટે એક એપ્રિલ સુધી રાહ કેમ જોઈ. સરકારે આ અંગે જવાબ આપ્યો હતો કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના કારણે મોડું થયું હતું. કોર્ટે આ જવાબથી નારાજ થઈને ફરી સરકારને ઝાટકી હતી કે ચૂંટણી આવશે તો બધા કામ બંધ કરી દેશો.

## તંગી નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નર્મદા કેનાલના બન્ને કાંઠાના નજીકના વિસ્તારોમાં ગાસચારાનું વાવેતર વધે તે માટેના પ્રયાસો હાથ ધરવા પર પણ તેમણે વિશેષ ભાર મુક્યો હતો.

ઘાસચારાના વાવેતર માટે ખેડૂતોને પ્રોત્સાહન આપવા તેમજ પ્રોત્સાહક યોજના પણ શક્ય હોય તો કાર્ય યોજનામાં સમાવી તેનો અલાયદો રિપોર્ટ કરવા પણ તેમણે અધિકારીઓને જણાવ્યું હતું.

જિલ્લામાં પાણી-પુરવઠાની સ્થિતિ સારી જરૂર છે પણ જે રીતે ભૂતળના જળનું ખેંચાણ થઈ રહ્યું છે એટલો જ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે ત્યારે જળસંચયની પ્રવૃત્તિ પર ભાર મુકવા કલેક્ટર શ્રી રવિશંકરે વિશેષ આગ્રહ કર્યો હતો.

જિલ્લામાં ઓવર એકસ્પલોઈટેશનને કારણે મોટર બળી જવાના કિસ્સા, બોર ઊંડા ઉતારવાની કામગીરી સહિતની કામગીરી માટે તાંત્રિક ટીમોનું ગઠન કરી શક્ય તેટલા ઓછો સમય પાણીની તકલીફ પડે તેવી કાર્ય-યોજના તૈયાર કરવા પર પણ તેમણે ભાર મુક્યો હતો.

તેમણે નર્મદાના પાણીનો અપાતો જથ્થો અને પશુપાલન માટે જરૂરી પાણીની વ્યવસ્થા અંગે પણ કાર્ય-યોજના તૈયાર કરવા જણાવ્યુ હતુ.

બેઠકને અંતે પત્રકારો સાથેની વાતચીતમાં કલેક્ટરશ્રી રવિશંકરે જણાવ્યું હતું કે ઘાસચારાનો પુરતો જથ્થો હાલ જિલ્લામાં ઉપલબ્ધ છે. તેમજ સારૂ એવુ વાવેતર ઉનાળુ સિઝનનું પણ થયું છે પરંતુ જિલ્લાની નજીકના વિસ્તારોમાં તકલીફ ના પડે તેની ચિંતા આજની બેઠકમાં અમે કરી છે. ઘાસચારાના વાવેતર વિસ્તારમાં વધારો થાય તે માટેના પગલાં પણ લેવા માટે અમે તંત્રને સૂચવ્યું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફ્લોરાઈડના પ્રમાણ અંગે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે કેટલાક ગામો એવા છે પરંતુ સરકારે નિર્દિષ્ટ અને નિર્ધારીત કરેલ માત્રા કરતાં વધારે ફ્લોરાઈડનું પ્રમાણ જણાયુ નહિ હોવાનું જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે પાણી-પુરવઠાના અધિકારીઓને અમે પાણીનો બગાડ થતો અટકે એટલુ જ નહિ પાણીનો કરકસરભર્યો ઉપયોગ કરતા લોકો થાય તે માટે જન અભિયાન છેડવા માટેની સૂચના પણ આજની બેઠકમાં આપી છે. જિલ્લાના તમામ ગામો નર્મદાનું પાણી લેતા હોવાનું જણાવી તેમણે કહ્યું હતું કે જિલ્લાની જરૂરિયાતને પહોંચી વળવા માટે પુરતો જથ્થો છે.